----------------------------------------

**નામદારશ્રી અધિક ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબની અદાલતમાં,**
**મુ.અંજાર કચ્છ**

----------------------------------------

**<u>ફો.પ.અ.નં.૧૨૧/૨૦૨૬</u>**
**આંક-૧૧/ડી**

**મહેન્દ્ર આમદ જત,**
ઉ.વ.૩૯ આ.,રહે.જતવાસ, દયાપર
તા.લખપત-કચ્છ. **...અરજદાર.**

**વિરુદ્ધ**

**શ્રી સરકાર, મારફતેઃ**
પોલીસ ઈન્સપેક્ટરશ્રી,
અંજાર પોલીસ સ્ટેશન,અંજાર-કચ્છ. **...સામાવાળા.**

**બાબતઃ-** અંજાર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૩૨૬૦૨૨૫/૨૦૨૬, પશુઓ પ્રત્યે ક્રુરતા અધિનિયમની કલમ-૧૧(૧)(એ), ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ), ૧૧(૧)(કે) વાળા ગુન્હા કામે મુદ્દામાલ વાહન મહેન્દ્રા બોલેરો પીકઅપ વાહન જેના વાહન રજી.નં.GJ-12-BY-9391 વાળું પરત મેળવવા બાબત.

----------------------------------------

**// અરજદાર તરફે વિ.વકીલશ્રી જી.એસ.શેખ//**

----------------------------------------

**(૧)** હાલની અરજી, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તથા તે સાથે રજુ થયેલ કાગળો તથા અરજી તળેના શેરા વંચાણે લીધા. અરજદાર તરફે તેમના વિ.વકીલશ્રી જી.એસ.શેખ તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

**(૨)** આ કામે અરજદારે અંજાર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૯૯૩૦૦૩૨૬૦૨૨૫/૨૦૨૬,પશુઓ પ્રત્યે ક્રુરતા અધિનિયમની કલમ -૧૧(૧)(એ), ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ), ૧૧(૧)(કે) વાળા ગુન્હા કામે મુદ્દામાલ વાહન મહેન્દ્રા બોલેરો

પીકઅપ વાહન જેના વાહન રજી.નં.GJ–12–BY–9391 વાળું તે પરત મળવા હાલની અરજી કરેલ છે.

અરજદારે પોતાની હાલની અરજીના સમર્થનમાં વાહનના આર.સી. બુકની નકલ, વાહનના ઈન્સયોરન્સ પોલીસીની નકલ તથા એફ.આઈ.આર. ની નકલ રજુ રાખેલ છે.

(૩) સદર કામે અરજદારે હાલની અરજી દાખલ કરતા, સંબંધીત પોલીસ સ્ટેશનના ત.ક.અ.શ્રીને અભિપ્રાય રજુ કરવા માટે યાદી કરવામાં આવેલ, ત.ક.અ.શ્રીએ આંક–૦૬ તેમનો અભિપ્રાય તથા તે સાથે મુદ્દામાલ પાવતી તથા પંચનામાની નકલ રજુ કરેલ છે અને તેમણે તેમના અભિપ્રાયમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ પોતાની બોલેરો ગાડીમાં મુંગા જીવ ભેંસ નંગ–૦૨ ખીચોખીચ તથા હલન ચલન ના કરી શકે તે રીતે મુસ્કેટાટ દોરડા વડે ક્રુરતાપુર્વક બાંધી ઘાસચારો કે પાણીની કોઈ વ્યવસ્થા ન હોય તેવી હાલતમાં મુંગા ભેશ જીવ નંગ–૦૨ ભરેલ હાલતમાં મળી આવી ગુન્હા કામે સદરહું વાહનનો ઉપયોગ કરેલ હોય અને ફરીથી આવા જ પ્રકારના ગુન્હામાં ઉપયોગ કરે તે શક્યતા નકારી શકાય તેમ ન હોય જેથી સદર મુદ્દામાલ વાહન અરજદાર/આરોપીને પરત નહિં સોંપવા અભિપ્રાય આપેલ છે.

(૪) ઉભય પક્ષોની દલીલો સાંભળી, અરજદારની હાલની અરજી, અરજી તળેનો શેરો તથા તેની સાથે રજુ કરેલ દસ્તાવેજો, તપાસ કરનાર અધિકારીશ્રીનો અભિપ્રાય તથા તે સાથે રજુ થયેલ પંચનામું અને મુદ્દામાલ પાવતી વંચાણે લીધા. હાલના કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ વાહનના આર.સી.બુક ની નકલ ધ્યાને લેતા સદરહું મુદ્દામાલ વાહન આ કામના અરજદારના નામે રજીસ્ટર્ડ થયેલ હોવાનું જણાય છે તેમજ સદર મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં લાંબા સમય સુધી પડી રહે તો નુકશાન થવાને સંભવ છે અને સદરહું વાહનના અભાવે તેમને ખુબ જ પરેશાની ભોગવવી પડે તેમ છે. તેમજ સદર કામે જે આરોપી પાસેથી મુદ્દામાલ વાહન કબ્જે લેવામાં આવેલ છે

તેઓએ પણ સદર મુદ્દામાલ અરજદારને પરત સોંપવામાં આવે તો વાંધો ન હોવા અંગેની નો–કલેઈમ પુરશીષ રજુ કરેલ છે. તેમજ ફાઈનાન્સ કંપનીનું એન.ઓ.સી. લેટર રજુ રાખેલ છે. તેમજ આ સંદર્ભે અત્રેની કોર્ટ નામદાર સુપ્રિમ કોર્ટના **<u>સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૩ (૧) જી.એલ.એચ. પાના નં.૩૦૭</u>** ના ચુકાદા ઉપર આધાર રાખે છે. જે કેસના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવેલ છે કે, જપ્ત કરાયેલ મુદ્દામાલ લાંબા સમય સુધી પોલીસ સ્ટેશને રાખી મુકવાનો કોઈ અર્થ નથી અને આ કલમ અન્વયેની સત્તા બનતી ઝડપથી વાપરીને મિલકતના માલિકને જરૂરી સમયે કોર્ટમાં હાજર રાખવાની શરતે મુદ્દામાલ કબ્જો સોંપી આપવો જોઈએ અને તે સંજોગોમાં મેજિસ્ટ્રેટે યોગ્ય રકમના બોન્ડ તથા જામીનગીરી રજુ કરવાની શરતે તરત જ યોગ્ય હુકમ કરવો જોઈએ. સદર કામે કબ્જે કરેલ મુદ્દામાલ વાહનના આર.સી.બુકની નકલ ધ્યાને લેતા તે અરજદારના નામે રજીસ્ટર્ડ થયેલ હોવાનું જણાય છે તથા સદર મુદ્દામાલ વાહન યાંત્રિક સાધન હોય લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહેવાથી નુકશાન થવાની સંભાવના હોય જેથી ઉપરોક્ત તમામ હકીકતો અને સંજોગો તથા નામદાર સુપ્રિમકોર્ટના ઉપરોક્ત ચુકાદાને ધ્યાને લેતાં જો અરજદારને હાલના કામે યોગ્ય શરતોને આધીન કબ્જે કરેલ મુદ્દામાલ વાહન પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોવાનું યોગ્ય અને વ્યાજબી જણાતું હોઈ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

**(૧)** અરજદારની હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

**(૨)** આથી આ કામના **મહેન્દ્ર આમદ જત,**ઉ.વ.૩૯ આ.,રહે.જતવાસ, દયાપર,તા.લખપત–કચ્છ નાઓને અંજાર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૯૯૩૦૦૩૨૬૦૨૨૫/૨૦૨૬,પશુઓ પ્રત્યે ક્રુરતા અધિનિયમની કલમ –૧૧(૧)(એ), ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એફ), ૧૧(૧)(એચ), ૧૧(૧)(કે) વાળા ગુન્હા કામે કબ્જે કરેલ મુદ્દામાલ વાહન મહેન્દ્રા

બોલેરો પીકઅપ વાહન જેના વાહન રજી.નં.GJ–12–BY–9391 તે નીચે જણાવેલ શરતોને આધીન વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ–</u>**

(૧) અરજદારે મુદ્દામાલ અંગે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબની કિંમત કરતા દોઢી રકમના જાતમુચરકા તેજમ તેટલી જ રકમના એક સધ્ધર જામીન સહિતના બોન્ડ અંજાર પોલીસ સ્ટેશન ખાતે આપવાના રહેશે.

(૨) અરજદારે મુદ્દામાલ કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે રજુ કરવાનો રહેશે.

(૩) અરજદારે મુદ્દામાલનો કેસનો આખરી નિકાલ થતાં સુધી અન્ય કોઈ વ્યક્તિને ટ્રાન્સફર, ગીરો, વેચાણ કે બક્ષીસ કરવું, કરાવવું નહી.

(૪) અરજદારે મુદ્દામાલની યથાવત પરિસ્થિતિ કેસના આખરિ નિકાલ થતાં સુધી સ્વખર્ચે જાળવી રાખવાની રહેશે.

(૫) સદરહું હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ **તારીખઃ૨૦મી, માહેઃમાર્ચ,સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ–૨૦/૦૩/૨૦૨૬
સ્થળઃ–અંજાર–કચ્છ.

**(બી.આર.વાઘેલા)**
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અંજાર–કચ્છ.
જજ કોડ: જી.જે.૦૦૯૯૩.

//એચ.એન.ભાવસાર//